# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.

*************************************************

1) આરોગ્યના કારણોસર ડોક્ટર જગદીપ ધનખડનું ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું.

2) સંસદમાં વિપક્ષો એ પહેલગામ આતંકવાદી હુમલો અને ઓપરેશન સિંદૂર પર તાત્કાલિક ચર્ચાની માંગ કરીને કાર્યવાહી ખોરંભે પાડવાનો પ્રયાસ કર્યો

3) દરેક મતદાન મથક પર 1200થી ઓછા મતદારો ધરાવતું બિહાર દેશનું પહેલું રાજ્ય બન્યું

4) ઢાકામાં ગઇકાલે બાગ્લાદેશ વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં શાળાના બાળકો સહિત 22ના મોત

5) ભારતની ગ્રાન્ડ માસ્ટર દિવ્યા દેશમુખ અને કોનેરુ હમ્પી આજે FIDE મહિલા વિશ્વ કપ ચેસ સ્પર્ધાની સેમિફાઇનલમાં રમશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VP-RESIGN

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે, આરોગ્યના કારણોસર પદ પરથી રાજીનામું આપ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને લખેલા પત્રમાં, શ્રી ધનખડે જણાવ્યું હતું કે, તેમણે આરોગ્યને પ્રાથમિકતા આપતા અને તબીબી સલાહને અનુસરીને તાત્કાલિક અસરથી રાજીનામું આપ્યું છે. શ્રી ધનખડે તેમના કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવેલા સતત સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મંત્રી પરિષદનો પણ આભાર માન્યો હતો. શ્રી ધનખડે કહ્યું કે પ્રધાનમંત્રીનો સહકાર અને સમર્થન અમૂલ્ય રહ્યું છે. તેમણે કહ્યું હતું કે સાંસદો તરફથી મળેલા સ્નેહ અને વિશ્વાસને તેઓ હંમેશા યાદ રાખશે. શ્રી ધનખડે કહ્યું કે આ મહાન લોકશાહીમાં ઉપરાષ્ટ્રપતિ તરીકે તેમને મળેલા અમૂલ્ય અનુભવો અને વિચારો માટે તેઓ ખૂબ આભારી છે.

આ સમયગાળા દરમિયાન ભારતની નોંધપાત્ર આર્થિક પ્રગતિ અને અભૂતપૂર્વ વિકાસના સાક્ષી બનવું અને તેમાં ભાગ લેવો તેમના માટે ખૂબ જ ભાગ્ય અને સંતોષની વાત હતી. તેમણે કહ્યું કે દેશના ઇતિહાસમાં પરિવર્તનના આ સમયગાળા દરમિયાન સેવા આપવી તેમના માટે ખરેખર સન્માનની વાત છે.

# PARLIAMENT

સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે, ગઈકાલે, વિપક્ષી પક્ષોએ અનેક મુદે ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડ્યો હતો. અન્ય મુદ્દાઓ ઉપરાંત, વિપક્ષી પક્ષોએ પહલગામ આતંકવાદી હુમલો અને ઓપરેશન સિંદૂર પર તાત્કાલિક ચર્ચાની માંગ કરી હતી.

સાંભળીએ સંવાદદાતાનો અહેવાલ....

## (V/C: SHAKTISINH)

# BAC-MEETING

દરમિયાન સંસદની કાર્ય સલાહકાર સમિતિની ગઇકાલે સંસદ ભવનમાં મળેલી બેઠકમાં લોકસભામાં પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં સશસ્ત્ર દળોના ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકસભામાં આ વિષય પર ચર્ચા માટે 16 કલાક ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત, આવકવેરા બિલ, 2025 પર ચર્ચા માટે લોકસભામાં 12 કલાક અને રાજ્યસભામાં 9 કલાક ફાળવવામાં આવ્યા છે.

# LS - INFLATION

સરકારે કહ્યું કે, ફુગાવાને નિયંત્રિત કરવા માટે ઘણા પગલાં લીધા છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ટકાઉ રોજગારીનું સર્જન અને ઘરગથ્થુ આવકમાં સુધારો કરવાનો છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે સરકારે આવશ્યક ખાદ્ય ચીજો માટે બફર સ્ટોક વધારવા, ખુલ્લા બજારમાં ખરીદેલા અનાજનું વ્યૂહાત્મક વેચાણ કરવા અને સબસિડીવાળા દરે પસંદગીની ખાદ્ય ચીજોના છૂટક વેચાણને સરળ બનાવવાના નિર્ણયો લીધા છે. સીતારમણે કહ્યું કે, આ પગલાંના સારા પરિણામો મળ્યા છે અને પરિણામે સરેરાશ છૂટક ફુગાવાનો દર 2023-24માં 5.4 ટકાથી ઘટીને 2024-25માં 4.6 ટકા થયો છે, જે છેલ્લા છ વર્ષમાં સૌથી નીચો છે

# ECI- BIHAR SIR

બિહાર દેશનું પહેલું રાજ્ય બન્યું છે જ્યાં દરેક મતદાન મથક પર એક હજાર 200 થી ઓછા મતદારો હશે. ગઈકાલે આ જાહેરાત કરતા ચૂંટણી પંચે કહ્યું કે આ પગલાનો ઉદ્દેશ્ય લાંબી કતારો ઘટાડવાનો અને મતદાન પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. આ માટે, રાજ્યભરમાં 12 હજાર 817 નવા મતદાન મથકો બનાવવામાં આવ્યા છે.

આ અંગે વધુ માહીતી સાંભળીએ અમારા સંવાદદાતા તરફથી.....

(V/C: VAISHNAVI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# REV. NAGALAND - LANDSLIDE

ભારે વરસાદને કારણે નાગાલેન્ડના અનેક ભાગોમાં ભૂસ્ખલનના અહેવાલો છે. મુખ્ય પરિવહન માર્ગો, ખાસ કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ 29 અને 2 ને ભારે નુકસાન થયું છે. ફેસામા નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ-2 પર સૌથી વધુ નુકસાન થયું છે, જ્યાં જૂનથી ભૂસ્ખલનથી કોહિમા અને મણિપુર વચ્ચેનો પ્રાથમિક માર્ગ સંપર્ક તૂટી ગયો છે. રવિવારે ફેસામા-કિસામા-કિગવેમા માર્ગ પર થયેલા મોટા ભૂસ્ખલનને કારણે જાહેર માળખાને ભારે નુકસાન થયું હતું. રાજ્ય સરકાર ભૂસ્ખલનને દૂર કરવા અને જાહેર પરિવહનને પુનઃસ્થાપિત કરવા માટે સક્રિયપણે કામ કરી રહી છે.

મુખ્યમંત્રી નેફિયુ રિયોએ ગઈકાલે ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર જનતાને અસુવિધા ઓછી

કરવા અને પરિસ્થિતિને ટૂંક સમયમાં સામાન્ય બનાવવા માટે તમામ જરૂરી પગલાં લઈ રહી છે.

દરમિયાન, ભારતીય હવામાન વિભાગે આવતીકાલથી રવિવાર સુધી રાજ્યમાં છૂટાછવાયા ભારે વરસાદની આગાહી કરી છે.

# STOCK BROKERS-PLATFORM

સેબીએ સ્ટોક એક્સચેન્જના સહયોગથી સ્ટોક બ્રોકર્સ માટે એક કેન્દ્રીયકૃત પાલન રિપોર્ટિંગ પ્લેટફોર્મ શરૂ કર્યું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જના આ પ્લેટફોર્મને કલેક્ટિવ રિપોર્ટિંગ પ્લેટફોર્મ કહેવામાં આવશે.

પહેલી ઓગસ્ટથી, ઘણા શેરબજારોમાં નોંધાયેલા બ્રોકર્સ આ સિંગલ પ્લેટફોર્મ દ્વારા ચાલીસ મુખ્ય પાલન રિપોર્ટ્સ સબમિટ કરી શકશે. આનાથી ખર્ચમાં ઘટાડો થશે.

પ્રથમ તબક્કામાં, બહુવિધ સભ્યપદ ધરાવતા લગભગ 990 સ્ટોક બ્રોકર્સને લાભ થવાની અપેક્ષા છે. પછીના તબક્કામાં બાકીના તમામ રિપોર્ટ્સ અને કોમોડિટી બ્રોકર્સને સમાવવા માટે સિસ્ટમનો વિસ્તાર કરવામાં આવશે.

# BANGLADESH-AIRCRAFT CRASH

ઢાકામાં ગઇકાલે બાગ્લાદેશ વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં શાળાના બાળકો સહિત 22 લોકોના મોત થયા છે અને 169 લોકો ઘાયલ થયા છે. ગઇકાલે બપોરે 1.06 વાગ્યે, વાયુસેનાનું એક તાલીમ વિમાન ટેકઓફ કર્યા પછી તરત જ ક્રેશ થયું હતું. વિમાનનો આગળનો ભાગ શાળાના મકાનની સીડી

સાથે અથડાયો હતો જ્યારે બંને પાંખો સીડીની બંને બાજુના વર્ગખંડોમાં ફાટી ગઈ હતી. ફાયર સર્વિસના નવ યુનિટે બપોરે 2.25 વાગ્યા સુધીમાં આગ પર કાબુ મેળવ્યો હતો, જેનાથી બચાવ કામગીરીનો માર્ગ મોકળો થયો હતો. ફાયર સર્વિસની સાથે, આર્મી, વાયુસેના, BGB અને અન્ય એજન્સીઓ બચાવ કામગીરીમાં જોડાઈ હતી

બાંગ્લાદેશ એવિએશન ઓપરેટર્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી મોફિઝુર રહેમાને વસ્તીવાળા વિસ્તારોમાં લશ્કરી ફ્લાઇટ કામગીરીનું તાત્કાલિક પુનઃમૂલ્યાંકન કરવાની હાકલ કરી હતી. વરિષ્ઠ બીએનપી નેતા રુહુલ કબીર રિઝવીએ ગઈકાલે ઘાયલોની મુલાકાત લીધી હતી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઢાકામાં થયેલા હવાઈ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. બાંગ્લાદેશ સરકારે આ ઘટના બાદ એક દિવસનો શોક જાહેર કર્યો છે.

# CHESS - WOMEN FIDE

ભારતની ગ્રાન્ડ માસ્ટર દિવ્યા દેશમુખ અને કોનેરુ હમ્પી આજે FIDE મહિલા વિશ્વ કપ ચેસ સ્પર્ધામાં  સેમિફાઇનલ મુકાબલામાં રમશે. સેમિફાઇનલમાં, દિવ્યાનો સામનો ચીનની તાન ઝોંગી સામે થશે, જ્યારે કોનેરુ હમ્પી ચીનની લેઈ ટિંગજી સામે ટકરાશે. દિવ્યાએ ગઇકાલે રેપિડ ટાઇ-બ્રેકમાં હરિકા દ્રોણાવલ્લીને 2-0 થી હરાવી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સેમિફાઇનલમાં પહોંચનારી તે બીજી ભારતીય બની છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજના તમામ અખબારોમાં મુંબઈ ટ્રેન વિસ્ફોટ અંગેના ચુકાદો, બાંગ્લા ભાષા માટે 27મીથી આંદોલન, ઢાકામાં થયેલી વિમાન દુર્ઘટના,ચોમાસુ સત્રના પહેલા દિવસે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું એકાએક રાજીનામુ અને સંસદના ચોમાસુ સત્રમાં ઓપરેશન સિંદૂર અંગેની ચર્ચા સહિતના સમાચારો પ્રથમ પાને પ્રકાશિત થયા છે.

- સંદેશ પ્રથમ પેજ પર  લખે છે, ઢાકામાં અમદાવાદવાળી, વિમાન સ્કૂલ પર તૂટી પડ્યું.

- દિવ્ય ભાસ્કરની હેડ લાઈન છે, મુંબઈ ટ્રેન વિસફોટ, મોત 189, દોષી કોઈ નહિ

- ગુજરાત સમાચારે 2006માં મુંબઈ ટ્રેન સિરિયલ બ્લાસ્ટ કેસમાં ન્યાયતંત્રનો 'અદભુત' ન્યાય ટ્રાયલ કોર્ટે ફાંસી આપી હાઇકોર્ટમાં 12 કસૂરવાર નિર્દોષ, મમતાએ મારિયર્સ ડે પર 2026ની ચૂંટણીનું રણશિંગુ ફૂંક્યું, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું એકાએક રાજીનામુ સહિતના સમાચારોને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

- ED એ તમામ હદ વટાવી : સુપ્રીમે ઉધડો લીધો, સંસદના ચોમાસુ સત્રનો તોફાની આરંભ : પહેલો દિવસ હંગામાનો જેવા સમાચારો ફૂલછાબના પ્રથમ પાને પ્રકાશિત થયેલા જોવા મળી રહ્યા છે

- રાજસ્થાન પત્રિકા પ્રથમ પણે લખે છે ઓપરેશન  સિંદૂર પર રાજ્યસભા મેં 9, લોકસભા મેં 16 ઘંટે હોગી બહસ